સંશોધન સારસંગ્રહ શ્રેણી

પુસ્તિકા ૧૧

RESEARCH ABSTRACT SERIES

VOLUME 11

JANUARY - 2006

શિક્ષકોની સજ્જતાના અભ્યાસ

STUDIES ON TEACHERS' COMPETENCE

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

ગાંધીનગર (ગુજરાત રાજ્ય)

GUJARAT COUNCIL OF EDUCATIONAL RESEARCH & TRAINING

(GCERT)

GANDHINAGAR (GUJARAT STATE)

સંશોધન સારસંગ્રહ શ્રેણી

પુસ્તિકા ૧૧

RESEARCH ABSTRACT SERIES

VOLUME 11

JANUARY 2006

શિક્ષકોની સજ્જતાના અભ્યાસ

STUDIES ON TEACHERS' COMPETENCE

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

ગાંધીનગર, ગુજરાત રાજ્ય

GUJARAT COUNCIL OF EDUCATIONAL RESEARCH & TRAINING (GCERT)

VIDYABHAVAN, SECTOR – 12
GANDHINAGAR, (GUJARAT STATE)
PHONE: (079) 23256808 – 37
FAX: (079) 23256812
WEBSITE: www.gcert.org
E-MAIL: gcert_21@yahoo.com

PREFACE

Continuous quality improvement can only be achieved if innovation becomes a soul of the institutional working. With this end in view, Gujarat Council of Educational Research & Training (GCERT), Gandhinagar has been doing its utmost for qualitative improvement of educational practices in primary education through District Institute of Education & Training (DIET). State Research Advisory Committee (SRAC) and State Resource Group (SRG) have been playing an important role in directing and guiding relevant research studies to enhance the quality of primary education through elevating DIET lecturers' research competence.

From 1999 to 2004, around 600 small scale researches and innovations have been completed by DIET lecturers. Out of them, about 150 selected studies have been edited and published so far in 8 volumes of Research Abstract Series. Studies dealing with problems like studies on Teachers' Attitude and Teachers' Competence, Teaching-Learning Process, Text-Book Evaluation, In-service Teachers' Training, Pupils' Academic Achievement, Girls' Education and Dropped-outs have been included in the series.

This volume of Research Abstract Series contains abstracts of selected studies on studies on Teachers' Competence.

We hope this publication will motivate practitioners to give a fillip to their work and help upgrade primary education through proper research.

We deeply appreciate the assistance of Dr. Vaishali Shah and Shri Divyakant Khatri in classification of the studies, computerization of the matter and finalization of the series.

We take this opportunity to thank SRAC, SRG and all those who have extended their help in giving the final shape to these Abstracts.

Dr. M.D.Trivedi
Vice-chairman
SRAC
GCERT
Gandhinagar

Dr. N.L.Pandit
Director
GCERT
Gandhinagar

પ્રસ્તાવના

કોઈ પણ સંસ્થાની કાર્યપ્રણાલીમાં નવવિચાર પ્રાણતત્ત્વ બને તો જ તેની ગુણવત્તામાં નિરંતર અભિવૃદ્ધિ થઈ શકે. આ ઉદ્દેશ્યને દ્રષ્ટિ સમક્ષ રાખીને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ તેને અધીન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો (ડાયટ)ના સહયોગથી પ્રાથમિક શિક્ષણના શૈક્ષણિક વ્યવહારોમાં ગુણવત્તા સુધાર માટે તનતોડ કોશિશ કરી રહી છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના અધ્યાપકોની સંશોધન કાર્યક્ષમતાને ઉન્નત કરીને તેમના દ્વારા સુસંગત સંશોધનાત્મક અભ્યાસો હાથ ધરીને પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા અભિવૃદ્ધિ કરવાનું ઉપયોગી કાર્ય થઈ રહ્યું છે. આ કાર્ય માટેના માર્ગદર્શનનું અને સંચાલનનું કામ રાજ્ય સંશોધન સલાહકાર સમિતિ (એસઆરએસી) અને રાજ્ય સંસાધન જૂથ (એસઆરજી) કરી રહી છે.

વર્ષ ૧૯૯૯ થી ૨૦૦૪ના સમયગાળામાં, ડાયટના અધ્યાપકોએ ૬૦૦ જેટલાં લઘુસંશોધનો અને નવવિચારલક્ષી અભ્યાસો પૂર્ણ કર્યા છે. આમાંથી ૧૫૦ અભ્યાસોને પસંદ કરવામાં આવ્યા અને તેને સંપાદિત કરીને સંશોધન સાર શ્રેણીની ૮ પુસ્તિકાઓ અત્યાર સુધીમાં પ્રકાશિત કરવામાં આવી છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસો જે વિષયો વિશે હતા તે આ પ્રમાણે હતા : શિક્ષકોના મનોવલણો તથા શિક્ષકની સજ્જતા, અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા, પાઠ્યપુસ્તકનું મૂલ્યાંકન, સેવાકાલીન શિક્ષકોના તાલીમ કાર્યક્રમોનું મૂલ્યાંકન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ, કન્યા કેળવણી તથા શાળા છોડી જનાર બાળકો.

સંશોધન સાર શ્રેણીની આ અગિયારમી પુસ્તિકામાં શિક્ષકોની સજ્જતાને લગતાં અભ્યાસનો સમાવેશ થયેલ છે. પ્રસ્તુત પુસ્તિકા સંશોધન કરનારાના કાર્યને આગળ વધારવામાં પ્રોત્સાહન પૂરું પાડશે અને ઉચિત સંશોધનકાર્ય દ્વારા પ્રાથમિક શિક્ષણના ઉન્નયન કાર્યમાં સહાયરૂપ થશે એવી આશા છે.

અભ્યાસોનું વર્ગીકરણ કરવામાં, વિષયવસ્તુના કમ્પ્યૂટરીકરણ કરવામાં અને તેને સુવ્યવસ્થિત કરવામાં ટેક્નિકલ સહાય પૂરી પાડવા માટે અમે ડૉ. વૈશાલી શાહ અને શ્રી દિવ્યકાંત ખત્રીની ખૂબ કદર કરીએ છીએ.

એસઆરએસી, એસઆરજી અને અન્ય સહુ જેમણે પ્રસ્તુત કાર્યને અંતિમ ઓપ આપવામાં સહાય આપી છે તેમનો આ તકે અમે આભાર માનીએ છીએ.

ડૉ. મનુભાઈ ત્રિવેદી
ઉપાધ્યક્ષ,
એસઆરએસી,
જીસીઈઆરટી,
ગાંધીનગર.

ડૉ. નલિન પંડિત
નિયામક,
જીસીઈઆરટી,
ગાંધીનગર.

CONTENT

વડોદરા જિલ્લામાં ધોરણ ૭ માં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોની વિષયવસ્તુ સજ્જતાનો અભ્યાસ

માર્ગદર્શક
શ્રી કે.ટી. પોરાણિયા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
વડોદરા

અભ્યાસક
ડૉ. વિજય એસ. પટેલ
વ્યાખ્યાતા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
વડોદરા

પ્રસ્તાવના

આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં પ્રસ્થાપિત હકીકત એ છે કે પોતાની જાતને વ્યાવસાયિક રીતે જીવંત રાખ્યા વિના કોઈપણ વ્યક્તિ પોતાના વ્યવસાયમાં સમૃદ્ધ ફાળો આપી શકે નહી. અત્યારે સમાજની જરૂરિયાત પ્રમાણે બાળકો તૈયાર કરવાની જવાબદારી શાળાઓની છે. આના માટે દરેક શિક્ષકે વ્યાવસાયિક રીતે સજ્જ થવું પડે. અત્યારના સમયમાં વિદ્યાર્થીઓના સંદર્ભમાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયોમાં કેટલીક સંકલ્પનાઓ કઠિન જોવા મળે છે. શિક્ષક પક્ષે પણ આ બાબત કઠિન જોવા મળી છે. આના સંદર્ભમાં શિક્ષકે પણ સજ્જ થવાની જરૂર છે.

હેતુઓ

1. વડોદરા જિલ્લામાં ધોરણ 7 માં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોની ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયમાં વિષયવસ્તુ સજ્જતાનો અભ્યાસ કરવો.
2. વડોદરા જિલ્લામાં ધોરણ 7 માં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોનો જાતિ અને અનુભવના સંદર્ભમાં વિષયવસ્તુ સજ્જતાનો અભ્યાસ કરવો.

વ્યાપવિશ્વ

વડોદરા જિલ્લામાં આવેલા કુલ 12 તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં કાર્ય કરતા શિક્ષકોનો વ્યાપવિશ્વ તરીકે લેવામાં આવ્યા છે.

નમૂનો

વ્યાપવિશ્વ તરીકે લીધેલ કુલ 12 તાલુકાઓમાંથી બે તાલુકાઓ (ડભોઈ અને શિનોર)માં ધોરણ 7 માં અધ્યાપન કાર્ય કરતા કુલ 62 શિક્ષકોને નમૂનો તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

ઉપકરણ

ધોરણ 7 માં ભણાવામાં આવતા કુલ 7 વિષયો પૈકી ત્રણ વિષયો (ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી) માટે વિષયવસ્તુ સજ્જતા કસોટીનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ કસોટી સંશોધક દ્વારા રચવામાં આવી હતી.

પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું છે.

માહિતી વિશ્લેષણ

1. પ્રસ્તુત સંશોધનમાં એકત્રિત કરેલ માહિતીનું પૃથક્કરણ, મધ્યક, પ્રમાણ વિચલન અને t કસોટી દ્વારા કરવામાં આવ્યું હતું.
2. કલમ પૃથક્કરણ દ્વારા કઠિન પ્રશ્નોની તારવણી કરવામાં આવી. જેના માટે પ્રશ્નોનું કઠિનતા મલ્ય 0.40 કે તેથી ઓછુ તેને આધારે લેવામાં આવ્યું હતું.

તારણો

1. સમગ્ર જૂથના સંદર્ભમાં તમામ શિક્ષકોની સરેરાશ વિષયવસ્તુ સજ્જતા 48.5 % જોવા મળી. જે શિક્ષકોના સંદર્ભમાં ઓછી કહી શકાય.

2. અભ્યાસમાં સમાવિષ્ટ ત્રણેય વિષયો પૈકી ગણિત વિષયવસ્તુ સજ્જતા 42.13%, વિજ્ઞાન વિષયમાં 48.2% અને અંગ્રેજી વિષયમાં 56.03 % જોવા મળી.
3. જાતિ અને અનુભવ જેવા ચલોની શિક્ષકોની વિષયવસ્તુ સજ્જતા પર કોઇ અસર જોવા મળી નથી.
4. કઠિન પ્રશ્નોની તારવણીના સંદર્ભમાં ગણિત વિષયમાં 12 માંથી 5 પ્રશ્નો, વિજ્ઞાન વિષયમાં 30 માંથી 8 પ્રશ્નો અને અંગ્રેજી વિષયમાં 7 માંથી 1 પ્રશ્ન કઠિન જોવા મળ્યો.

ફલિતાર્થ

આ પ્રકારના સંશોધન દ્વારા શિક્ષકોની સજ્જતા જાણી, સજ્જતા બાબત કેવા પ્રકારની તાલીમનું આયોજન કરવું તે જાણી શકાય છે. આ પ્રકારની તાલીમ દ્વારા તૈયાર થયેલ શિક્ષક દ્વારા વર્ગવ્યવહારને વધુ જીવંત અને અસરકારક બનાવી શકાય છે.

A Study of Subject matter Competence of Class 7 Teachers of Vadodara District

Guide
K. T. Porania
Principal
DIET- Vadodara

Investigator
Vijay Patel
Lecturer
DIET- Vadodara

Introduction

Subject matter competence is essential for teachers of any subject. Not only students find several concepts in Maths, Science and English difficult to learn but the teachers also are found to have similar conceptual difficulties. The investigator tried to study the teachers' subject matter competence in Mathematics, Science and English subjects for Class 7

Objectives

1. To study the subject matter competence of Class 7 teachers in Mathematics, Science and English subjects.
2. To study their subject matter competence in the context of gender and experience.

Population

Teachers from primary schools of 12 Talukas of Vadodara district were considered as population.

Sample

The sample comprised 62 teachers of class 7 from Dabhoi and Sinor Talukas.

Tool

A self-made subject matter competence test related to Mathematics, Science and English subjects was prepared and used as the tool for data collection.

Method

It was the survey type study.

Data analysis

Data were analysed statistically into Mean, Standard Deviation and using t-test tested the significance of the mean difference. Hard-points were also identified by using item analysis technique.

Findings

1. Mean score of subject matter competence of all teachers was found to be 48.5 per cent.
2. Subject-wise mean scores of subject matter competence were found to be 42.13 per cent in Mathematics, 48.2 per cent in Science and 56 per cent in English.
3. Gender and experience as variables were not found to have any significant effect on teachers' subject matter competence.
4. About 50% items in Mathematics and about 25% items in Science were identified as hard-points.

Implication

Refresher training course for teachers' subject matter competence in the light of the finding relating to Mathematics, Science and English should be profitably organised.

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના પ્રાથમિક શિક્ષકોની અંગ્રેજી વિષયવસ્તુ સજ્જતાનો અભ્યાસ

માર્ગદર્શક
પ્રો.(ડૉ.) આર. જી. કોઠારી
ફેકલ્ટી ઓફ એજ્યુકેશન એન્ડ સાય.
એમ. એસ. યુનિવર્સિટી- વડોદરા

અભ્યાસક
વી. કે. યાદવ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
વડોદરા

પ્રસ્તાવના

પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ જ્યારે પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે ત્યારે લઘુતમ અધ્યયન કક્ષા અભિગમ પ્રમાણે સિદ્ધિ પ્રાપ્ત કરે. આ સંશોધનમાં ધોરણ 6 માં અધ્યાપન કાર્ય કરતા કરજણ તાલુકાના પ્રાથમિક શિક્ષકો માટે તૈયાર કરવામાં આવ્યો છે. વર્ગખંડ શિક્ષણ આકર્ષક, અસરકારક અને શૈક્ષણિક સાધનોનો ઉપયોગ દ્વારા અધ્યયન અધ્યાપન પ્રક્રિયાને અસરકારક બનાવી શકાય તે માટે શિક્ષકોની વિષયવસ્તુ સજ્જતા જરૂરી છે. અંગ્રેજી વિષયને ધોરણ 5 થી 7 સુધી ફરજિયાત વિષય તરીકે દાખલ કરવામાં આવેલ છે. જેથી શિક્ષકોની અંગ્રેજી વિષયમાં સજ્જતા કેવી છે તે જાણી તેમના માટે ઉપચારાત્મક કાર્યક્રમો યોજી શકાય.

હેતુઓ

વડોદરા જિલ્લામાં કરજણ તાલુકામાં ધોરણ 6 માં અંગ્રેજી વિષયમાં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોની

1. વિષયવસ્તુ સજ્જતા જાણવી.
2. અંગ્રેજી વિષયવસ્તુની સજ્જતા ઉપર જાતિની અસર તપાસવી.
3. અનુભવની વિષયવસ્તુ સજ્જતાનો ઉપરની અસર તપાસવી.
4. શૈક્ષણિક લાયકાતની વિષયવસ્તુ સજ્જતા ઉપર અસર તપાસવી.

વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વ તરીકે ગુજરાત રાજ્યની પ્રાથમિક શાળાઓની ધોરણ 6 અંગ્રેજી વિષયમાં અધ્યાપન કાર્ય કરતા સમગ્ર શિક્ષકોને ગણી શકાય.

નમૂનો

પ્રસ્તુત સંશોધન માટે ધોરણ 6 અંગ્રેજી વિષયમાં અધ્યાપન કાર્ય કરાવતા 50 શિક્ષકોને યાદચ્છિક રીતે પસંદ કરેલ છે.

ઉપકરણ

પ્રસ્તુત સંશોધન માટે ધોરણ 6 અંગ્રેજી વિષયવસ્તુ સજ્જતા કસોટી તૈયાર કરવામાં આવી. કસોટીની વિશ્વસનીયતા અને યર્થાથતા પણ ચકાસવામાં આવી. આ કસોટીનો ઉપયોગ શિક્ષકોની વિષય સજ્જતા જાણવા કરવામાં આવ્યો.

પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું છે.

માહિતીનું પૃથક્કરણ

શિક્ષક રચિત વિષયવસ્તુ સજ્જતા કસોટી ઉપર શિક્ષકોએ મેળવેલ પ્રાપ્તાંકો મધ્યક અને પ્રમાણ વિચલન આવ્યા. તેના આધારે વિવિધ પ્રકારના t મૂલ્યો શોધી તારણો કાઢવામાં આવ્યા.

તારણો

1. પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ શિક્ષકોની અંગ્રેજી વિષયમાં સરેરાશ સજ્જતા 54.3% જોવા મળી.
2. વિષયવસ્તુ સજ્જતા અંગે 15 વર્ષથી ઓછા અનુભવી શિક્ષકો અને 15 વર્ષથી વધુ અનુભવી શિક્ષકોના પ્રાપ્તાંકોની સરેરાશ વચ્ચે તફાવત જોવા મળ્યો નથી, જેથી કહી શકાય કે, વિષયવસ્તુ સજ્જતા પર અનુભવની કોઇ સાર્થક અસર જોવા મળી નથી.

3. વિષયવસ્તુ સજ્જતા અંગે સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકો વચ્ચે તફાવત જોવા મળેલ નથી, જેથી કહી શકાય કે વિષયવસ્તુ સજ્જતા પર જાતિની સાર્થક અસર જોવા મળી નથી.
4. કસોટીમાં સમાવિષ્ટ 10 પ્રશ્નોમાંથી 4 પ્રશ્નો કઠિન જોવા મળ્યા.

ફલિતાર્થ

1. કઠિન ક્ષમતા આધારિત તાલીમ વર્ગો યોજવા.
2. કઠિન ક્ષમતા આધારિત શૈક્ષણિક સાધનો વિકસાવવા.

નોંધ

શ્રી એન.કે.રાવલિયા, વ્યાખ્યાતા, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સુરેન્દ્રનગર દ્વારા શિક્ષકની બધા જ વિષયોને લગતી સજ્જતાનો સમાન અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. તેમણે આ અભ્યાસમાં લખતર તાલુકાની પ્રાથમિક શાળાઓને આવરી લીધી હતી. તેમણે સ્વરચિત વિષયવસ્તુ સજ્જતા કસોટી તૈયાર કરી 254 પ્રાથમિક શાળાના શિક્ષકોને આપી આ અભ્યાસ કર્યો હતો. શિક્ષકોની વિષયવસ્તુ સજ્જતાનો સરેરાશ પ્રાપ્તાંક 51 ટકા હતો. પ્રયોગને અંતે વિજ્ઞાન વિષયમાં સૌથી ઊંચો સરેરાશ પ્રાપ્તાંક (65%) અને ગુજરાતી વિષયમાં સૌથી નીચો (41%) માલૂમ પડ્યો હતો.

A Study of Subject matter Competence in English in case of Primary School Teachers of Karjan Taluka in Vadodara District

Guide
Dr. R.G.Kothari
Din, Faculty of Edu.
M.S.University
Vadodara

Investigator
V.K.Yadav
Lecturer
DIET - Vadodara

Introduction

To make classroom transaction effective, teachers' subject matter competence is essential. Since English subject has been introduced as a compulsory subject for Classes 5 to 7, the investigator deemed it proper to assess teachers' English Subject matter competence.

Objectives

1. To know the subject matter competence of teachers teaching English in Class-6.
2. To examine the English subject matter competence of teachers in the context of gender, teaching experience and educational qualification.

Population

Population comprised teachers teaching English in Class-6 of primary schools in Vadodara district.

Sample

50 such teachers were randomly selected from the Karjan Taluka of Vadodara district as the sample for the study.

Tool

English subject matter competence test for Class- 6 teachers was prepared and Reliability and Validity were also tested. This test was used as a tool to assess English subject matter competence.

Method

The study was undertaken using survey method.

Data Analysis

Mean, Standard Deviation and necessary 't' – values were determined.

Findings

1. Teachers' mean achievement score on English subject matter competence was found to be 54 per cent.
2. No significant difference between male and female teachers was found in regard to the English subject matter competence.
3. Years of experience have no significant effect on teachers' English subject matter competence.

Implication

It would be profitable to organize training programmes to facilitate teaching learning of the competences found to be hard to achieve.

Note

Shri N.K.Ravalia, Lecturer, DIET – Surendranagar had undertaken a similar study on Teachers' Subject matter competence covering all subjects at primary school level in Lakhtar Taluka of Surendranagar district. He conducted the study on 254 primary school teachers using self-made subject matter competence test. The teachers' mean score on subject matter competence was reported to be 51 per cent. The highest mean score (65%) was observed in Science subject whereas the lowest (41%) was recorded in Gujarati subject.

પ્રશ્ન પ્રવાહિતા, સુદ્રઢીકરણ અને ઉદાહરણ કૌશલ્યની પ્રાથમિક અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓની શિક્ષણ ક્ષમતા પર થતી અસરોનો અભ્યાસ

માર્ગદર્શક
ડૉ. બળવંતભાઇ વ્યાસ
અધ્યાપક
મૈત્રી બી.એડ્. કોલેજ
સુરેન્દ્રનગર

અભ્યાસક
સુમનબેન જી. પંડ્યા
વ્યાખ્યાતા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણ પ્રશિક્ષણને વધુ સમૃદ્ધ બનાવવાના ભાગરૂપે એક નૂતન અભિગમ અમલમાં આવેલ છે. જે સુક્ષ્મ અધ્યાપનનાં નામે જાણીતો છે. સૂક્ષ્મ અધ્યાપન ખાસ કરીને તાલીમાર્થીઓને સક્ષમ બનાવવા તેમના પર અજમાવાતી શિક્ષક કૌશલ્યની વિશિષ્ટ પ્રયુક્તિ છે. આ સુક્ષ્મ અધ્યાપન કૌશલ્યના વિનિયોગથી પી.ટી.સી.ના તાલીમાર્થીઓમાં વિકસતી ક્ષમતા જાણવા માટે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો.

હેતુઓ

1. પ્રશ્નપ્રવાહિતા, સુદ્રઢીકરણ અને ઉદાહરણ કૌશલ્યની પ્રાથમિક અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓની શિક્ષણ ક્ષમતા પર થતી અસર તપાસવી.
2. પ્રાથમિક અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓની શિક્ષણ ક્ષમતા અને ધોરણ 12 ના ટકા વચ્ચેનો સંબંધ તપાસવો.
3. પ્રાથમિક અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓની શિક્ષણ ક્ષમતામાં સુક્ષ્મ અધ્યાપન કૌશલ્યની અસર બી.જી.ટી.સી. સ્કેલ દ્વારા તપાસવી.

વ્યાપવિશ્વ

વ્યાપવિશ્વમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગરનાં પી.એસ.ટી.ઇ. શાખાના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા તમામ (51) તાલીમાર્થીઓનો સમાવેશ થયો હતો.

નમૂનો

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વને જ નમૂનો તરીકે સ્થાન આપવામાં આવેલ છે.

ઉપકરણ

- દેસાઇ-ભટ્ટ સમૂહબુદ્ધિ કસોટી
- કૌશલ્યની માર્ગદર્શિકા
- બી.જી.ટી.સી. સ્કેલ (બરોડા જનરલ ટિચિંગ કોમ્પીટન્સ સ્કેલ)

પદ્ધતિ

પ્રસ્તુત પદ્ધતિ પ્રાયેગિક પ્રકારની હતી.

માહિતી વિશ્લેષણ

1. શિક્ષણ ક્ષમતા પર માઇક્રોટીચિંગ કૌશલ્યની અસરનો અભ્યાસ કરવા માટે પ્રથમ પ્રાયોગિક જૂથ તેમજ નિયંત્રિત જયના જી.ટી.સી.-1 તેમજ જી.ટી.સી-2ના પ્રાપ્તાંકો વચ્ચે પ્રમાણચક શોધી બંનેના તફાવતની ટકાવારી શોધવામાં આવી.
2. તાલીમાર્થીઓના બુદ્ધિઆંક અને જી.ટી.સી.-2 ના પ્રાપ્તાંકોનું વર્ગીકરણ કરી તેમનો સહસંબંધ શોધવામાં આવ્યો.

3. તીમાર્થીઓના જુદાં જુદાં કૌશલ્યોનો શિક્ષણ ક્ષમતામાં ફાળો શોધવા માટે પસંદ કરેલ કૌશલ્યોના પ્રાપ્તાંકો અને જી.ટી.સી.-2 વચ્ચેનો તફાવત શોધી પ્રમાણ વિચલનની ગણતરી કરવામાં આવી.

તારણો

1. બી.જી.ટી.સી. સ્કેલ દ્વારા માપવામાં આવેલ પ્રાથમિક અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓની શિક્ષણ ક્ષમતામાં માઈક્રોટીચિંગ કૌશલ્યની ખૂબ હકારાત્મક અસર જોવા મળે છે.
2. તાલીમાર્થીઓની બુદ્ધિકક્ષા અને તેમની સામાન્ય શિક્ષણ ક્ષમતા વચ્ચે પણ ઘણો જ સંબંધ છે.
3. તાલીમાર્થીઓની શિક્ષણ ક્ષમતા અને એચ.એસ.સી. ના સિદ્ધિ ટકા વચ્ચે પણ ઘણો જ સંબંધ છે.
4. પ્રાયોગિક તેમજ નિયંત્રિત જથનાં તાલીમાર્થીઓની શિક્ષણ ક્ષમતા અને જુદા જુદા અધ્યાપન કૌશલ્યો વચ્ચે પણ ઘણો જ સંબંધ છે.

ફલિતાર્થ

કૌશલ્યોની શિક્ષણ ક્ષમતા પર થતી અસરના ઉપયોગ દ્વારા તાલીમાર્થીઓને વિવિધ કૌશલ્ય હસ્તગત કરવા અંગેનો યોગ્ય મહોવરો આપી શકાય.

Effect of Micro Skills of Teaching like Fluency in Questioning, Reinforcement and Illustration on Teaching Competence of Trainees of Adhyapan Mandir

Guide

Balvant Vyas
Lecturer
DIET – Surendranagar

Investigator

Suman G. Pandya
Lecturer
DIET - Surendranagar

Introduction

It is well known that micro teaching skills enable the trainees to be more competent in classroom teaching. The investigator had conducted the study to know the effect of micro teaching skills in enhancing the competence of trainees in classroom teaching.

Objectives

1. To examine the effect of Micro skills of teaching like fluency in questioning, reinforcement and illustration on teaching competence of trainees of Adhyapan Mandir.
2. To study the relationship between trainees' achievement in Class – 12 and their teaching competence.
3. To assess the effect of micro teaching skills on teaching competence of trainees by using BGTC scale.

Population and Sample

51 first year trainees of DIET – Surendranagar constituted the population as well as the sample.

Tools

Desai – Bhatt Group Intelligence Test, Manual about the Micro skills and B.K.Passi and Lalits' Baroda General Teaching Competence Scale (BGTC Scale) were used as the tools for the study.

Method

Two group experimental design was used for the study.

Data Analysis

1. Difference of mean score achievement by control group and experimental group was determined.
2. Co-efficients of correlation (Product Moment method) were found between (1) Trainees IQ and scores on GTC Scale for experimental group (2) Percentage achievement score of trainees at H.S.C.Exam and scores on GTC Scale for experimental group.
3. Difference between the scores obtained in micro skills under study and scores on GTC Scale for experimental group was found and SD was calculated. This was done with a purpose to determine the effect of micro skills on teaching competence of trainees.

Findings

1. Very positive effect of micro teaching skills on the trainees' teaching competence was found.
2. Highly positive relation was observed between
3. the trainees' Intellectual level and general teaching competence

4. the trainees' percentage achievement score at H.S.C.Exam and scores and general teaching competence

Implication

Development of micro teaching skills contributes positively to enhance teaching competence of the prospective teachers.

ધોરણ ૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના હસ્તાક્ષરો સુધારવાનો એક પ્રયોગ

માર્ગદર્શક
એમ. વી. પટેલ
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
આણંદ

અભ્યાસક
આર. એમ. વાલ્મિક
વ્યાખ્યાતા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
આણંદ

પ્રસ્તાવના

સારા અક્ષરો એ મનુષ્યના ઉચ્ચ વ્યક્તિત્વની પારાશીશી છે. ખરાબ અક્ષરો પાછળના કારણો જાણવા માટે સંશોધકે સંશોધન હાથ ધરેલ છે.

હેતુઓ

1. વિદ્યાર્થીઓ યોગ્ય કદના અને સીધી લીટીમાં લખાણ લખતાં શીખે.
2. વિદ્યાર્થીઓ લેખિત અભિવ્યક્તિમાં સારા અક્ષરોનું મહત્ત્વ સમજે.

વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસ માટે આણંદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાને વ્યાપવિશ્વ તરીકે લેવામાં આવેલ છે.

નમૂનો

આણંદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળા નંબર 13 અને 16 માં અભ્યાસ કરતાં 25 કુમાર અને 25 કન્યાઓને નમૂનો તરીકે પસંદ કરવામાં આવેલ છે.

ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે ડૉ. જે.ડી. ભાલ રચિત અક્ષર સુધારણા માપદંડનો ઉપયોગ કરેલ છે.

પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ એ પ્રાયોગિક પ્રકારનો અભ્યાસ છે.

માહિતીનું વિશ્લેષણ

ધોરણ 7 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની નિબંધની નોટો તેમજ સ્વાધ્યાય કાર્યની નોટો તપાસી ગુણભાર આપવામાં આવ્યા. ત્યારબાદ અક્ષર સુધારણા માપદંડનો ઉપયોગ કરી પ્રિ-ટેસ્ટ લેવામાં આવી. એક અઠવાડિયા સુધી પ્રાયોગિક કાર્ય કર્યા બાદ પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી અને ટેસ્ટની સરાસરી કાઢવામાં આવી.

તારણો

1. વિદ્યાર્થીઓનાં અનુલેખનમાં સુધારો થયો.
2. છોકરા અને છોકરીઓના અક્ષરોમાં તફાવત જોવા મળ્યો નહિં.

ફલિતાર્થ

વિદ્યાર્થીઓને સતત અનુલેખન કાર્ય કરાવવું જોઇએ.

An Experiment to improve Handwriting of Class - 7 Pupils

Guide
M. V. Patel
Principal
DIET- Anand

Investigator
R. M. Valmik
Lecturer
DIET - Anand

Introduction

Good handwriting is an index of good personality. It is important to help improve bad handwriting. So, the investigator had conducted an experiment to improve bad handwriting.

Objectives

1. To enable the pupils to write letters in proper size and in a straight line
2. To enable thëç to understand the importance of good handwriting.

Population

Pupils of primary schools managed by Anand Nagar Prathmik Shikshan Samiti were considered as population.

Sample

25 boys and 25 girls from Class - 7 of the primary schools No 13 and 16 were selected as a sample.

Tool

Dr. J. D. Bhal's Handwriting Improvement scale was used as a tool.

Method

It was an experimental type of study.

Data analysis

Essay and assignment notebooks were examined and were assigned scores. The handwriting improvement scale was used to gauge the present status of handwriting. This served as a pre-test. Practice was given accordingly for a week as an experimental work. The same tool was used as a post-test. The scores were reduced to mean scores.

Findings

1. The pupils were able to write letters in proper size and in a straight line
2. An improvement was noticed in copy writing.

Implication

Pupils should be given more practice in copy writing the given passage.

ધોરણ - ૭ ગણિત વિષયના કઠિનબિંદુઓ આધારિત સેવાકાલીન તાલીમની શિક્ષકોની સજ્જતા પર થયેલી અસરનો અભ્યાસ

માર્ગદર્શક
નૂતનબેન રાવલ
પ્રાચાર્યા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમદાવાદ (શહેર)

અભ્યાસક
દિનેશ વાય. તિવારી
વ્યાખ્યાતા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમદાવાદ (શહેર)

પ્રસ્તાવના

વિદ્યાર્થીનિ ગણિત વિષયમાં લાગતી કઠિન ક્ષમતાઓ ટી.એલ.એમ. ના ઉપયોગ દ્વારા વધુ સ્પષ્ટ થાય છે અને ટી.એલ.એમ. ના ઉપયોગથી શિક્ષણને વધુ અસરકારક બનાવી શકાય છે.

હેતુઓ

તાલીમાર્થીઓની પૂર્વ કસોટી અને ઉત્તરકસોટીમાં સિદ્ધિની તુલના કરવી.

વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધન અમદાવાદ જિલ્લાના વિરમગામ, માંડલ અને દેત્રોજ તાલુકાના સી.આર.સી. પૂરતો મર્યાદિત છે.

નમૂનો

અમદાલાદ જિલ્લાના વિરમગામ, માંડલ અને દેત્રોજ તાલુકાના સી.આર.સી. દીઠ બે સી.આર.જી. કે જે ગણિત વિષય ભણાવતા હોય તેમને પસંદ કરવામાં આવ્યા.

ઉપકરણ

લોકવિજ્ઞાન કેન્દ્ર, રાજકોટ દ્વારા આપવામાં આવેલ ટી.એલ.એમ. નો ઉપયોગ શૈક્ષણિક સાધન તરીકે કરવામાં આવેલ છે.

પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન પૂર્વકસોટી - ઉત્તરકસોટી આધારિત પ્રાયોગિક પ્રકારનું હતું.

માહિતી વિશ્લેષણ

સરાસરી, પ્રમાણવિચલન અને ટી-કસોટીની ગણતરી કરવામાં આવી.

તારણો

1. સેવાકાલીન તાલીમને અંતે સિદ્ધિમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો.
2. તાલીમાર્થીઓની કસોટીના સિદ્ધિ પ્રામાંકો પર તાલીમની અસર જોવા મળી.

ફલિતાર્થ

પ્રસ્તુત સંશોધન તાલીમ વર્ગના આયોજન માટે વિષયવસ્તુ સંદર્ભે આયોજનમાં મદદરૂપ થશે.

To Study the Effect of In-service Training of Teachers on Hard Points in Std – 7 Maths Subject

Guide
Nutanben Rawal
Principal
DIET – Ahmedabad (Urban)

Investigator
Dinesh Y. Tiwari
Lecturer
DIET – Ahmedabad (Urban)

Introduction

The students can clear the Hard Points of Maths with the use of T.L.M. and with its use; teaching can be made more effective.

Objective

To compare pre-test and post –test achievements of the CRG trainees.

Population

C.R.G. of Viramgam, Mandal and Detroj Taluka of Ahmedabad district were comprised the population of the study.

Sample

Two C.R.G. were selected from each C.R.C. of Viramgam, Mandal and Detroj Taluka of Ahmedabad district.

Tool

T.L.M. kit given by Lok Vigyan Kendra, Rajkot was used as a teaching aid.

Method

Pre-test – post-test experimental method was used.

Data Analysis

Mean, Standard Deviation and t – test were used.

Findings

1. After the training effective progress was seen in the achievement of the C.R.G.
2. An increasing trend was seen in the scores at the post test after the training.

Implication

This research is useful to the lecturers in planning their training program based on content.

આણંદ જિલ્લાનાં સી.આર.સી કો-ઓર્ડિનેટર્સના ભાષા સામર્થ્યનો અભ્યાસ

માર્ગદર્શક
શ્રી એમ. વી. પટેલ
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
આણંદ

અભ્યાસક
પ્રજ્ઞા એલ. મતડ
વ્યાખ્યાતા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
આણંદ

પ્રસ્તાવના

સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સનું ભાષા સામર્થ્ય કેટલું છે, તેમની ભાષા અભિવ્યક્તિ કેવી છે તે જાણવા સંશોધકે સંશોધન હાથ ધર્યુ છે.

હેતુ

1. સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સના લેખિત ગુજરાતી ભાષા સામર્થ્યની માપનની ચકાસણી કરવી.
2. સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સનો વિસ્તારના આધારે અભ્યાસ કરવો.
3. સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સના ભાષા સામર્થ્યનો જાતિના આધારે અભ્યાસ કરવો.

વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વમાં આણંદ જિલ્લાના 125 સી.આર.સી. કેન્દ્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

નમૂનો

આણંદ જિલ્લાના આઠ તાલુકામાં આવેલા 125 સી.આર.સી. કેન્દ્રોમાંથી દરેક તાલુકામાંથી 10 સી.આર.સી. કેન્દ્રોનો આકસ્મિક નમૂનોમાંથી પસંદ કરવામાં આવ્યા. કુલ 80 સી.આર.સી.ઓ પાસેથી પ્રશ્નવલિ ભરાવવામાં આવી.

ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો. ધોરણ 1 થી 7 ના અભ્યાસક્રમમાંથી વ્યાકરણ અંગેના પ્રશ્નો તેમજ છંદ, અલંકાર અને લેખન અંગેના પ્રશ્નો મૂક્વામાં આવ્યા. પ્રશ્નાવલિને કુલ ત્રણ વિભાગમાં વહેંચવામાં આવી છે. પ્રથમ વિભાગમાં શબ્દભંડોળ કસોટી છે. બીજા વિભાગમાં લેખિત અભિવ્યક્તિ કસોટી અને ત્રીજા વિભાગમાં અર્થગ્રહણ ક્ષમતા કસોટી મૂકેલ છે. કુલ 10 ગુણની કસોટી રચના કરેલ છે. ઉત્તરપત્ર અલગથી આપવામાં આવ્યુ હતું.

પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

માહિતી વિશ્લેષણ

પ્રાપ્ત થયેલ માહિતીનાં આધારે પ્રશ્નાવલિના વિભાગોનું ગુણાંકન કરવામાં આવ્યું. ટકાવારીના આધારે તારણો આપવામાં આવ્યા.

તારણો

પ્રાપ્ત માહિતીના આધારે કસોટીનું ગુણાંકન કરવામાં આવ્યું.

1. કુલ પરિણામ 75% આવ્યું.
2. સૌથી વધુ ગુણાંક પ્રથમ વિભાગમાં એટલે કે શબ્દભંડોળમાં મેળવેલ હતા. સૌથી ઓછા ગુણાંક લેખિત અભિવ્યક્તિ (વ્યાકરણ)માં મેળવેલ હતા.
3. પુરુષ અને સ્ત્રી સી.આર.સી. કો-ઓર્ડિનેટરની ભાષામાં તફાવત જોવા મળ્યો. પુરુષ કો-ઓર્ડિનેટસનું ભાષા સામર્થ્ય વધારે છે.

4. અર્થગ્રહન ક્ષમતા (પદ્ય અને ગદ્ય) માં સી.આર.સી. કો-ઓર્ડિનેટસ પુરૂષ અને સ્ત્રીમાં સમાન ગુણ જોવા મળ્યા.
5. ગ્રામ અને શહેરી વિસ્તારના ભાષા સામર્થ્યના ગુણાંકનમાં તફાવત જોવા મળ્યો નથી.

ફલિતાર્થ

સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સના વ્યાકરણના ગુણાંકનમાં તફાવત જોતાં તેમને ભાષા વ્યાકરણ સંદર્ભે વધુ પ્રયત્ન કરવાની જરૂર છે. પાયાના વ્યાકરણનો અને પ્રાથમિક ધોરણ 1 થી 7 ના વ્યાકરણનું દ્રઢીકરણ કરવાની જરૂર છે.

A Study of Language Competence of CRC Co-coordinators in Anand District

Guide
M. V. Patel
Principal
DIET - Anand

Investigator
Pragna Matad
Lecturer
DIET - Anand

Introduction

The investigator has undertaken this study to know the degree of language competence and expression of CRC co-ordinators.

Objectives

1. To examine the written Gujarati Language competence of CRC co-ordinators.
2. To study the language competence with reference to gender and area.

Population

125 CRC co-ordinators of Anand district constituted the population for the study.

Sample

In all 80 CRC co-ordinators out of 125, take in 10 CRCs from each Taluka were randomly selected as the sample.

Tool

A questionnaire was prepared which included questions on grammar and written skill. It was divided into three sections - vocabulary, written expression and comprehension skill. The test carried 100 marks. Separate answersheets were given.

Method

A survey method was used.

Data analysis

Scores were converted into percentages.

Findings

1. CRC co-ordinators showed on an average 75 per cent achievement in language competence.
2. In vocabulary, their performance was the best; whereas it was the lowest in grammar.
3. The male co-ordinators were found better in language competence compared to female co-ordinators.
4. In comprehension, men and women achieved more or less equal scores.
5. No difference in language competence score was found in regard to those from rural and urban areas.

Implication

CRC co-ordinators need to improve their grammar and expression competence with regard to classes 1 to 7.

અમદાવાદ જિલ્લાના સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સની ધોરણ ૧ થી ૭ માટેની મૂલ્યાંકન પદ્ધતિ અંગેની સમજનો અભ્યાસ

માર્ગદર્શક	અભ્યાસક
ડૉ. એમ. બી. પ્રજાપતિ	કિશોર પરમાર
પ્રાચાર્ય	વ્યાખ્યાતા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન	જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અદાવાદ (ગ્રામ્ય)	અમદાવાદ (ગ્રામ્ય)

પ્રસ્તાવના

ધોરણ 1 થી 7 માટેની મૂલ્યાંકન પ્રક્રિયા શિક્ષક, સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સ હસ્તગત કરે તે અત્યંત જરૂરી છે. સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સ જો આ પ્રક્રિયા યોગ્ય રીતે સમજે તો શિક્ષક સુધી પહોંચે અને મૂલ્યાંકનનું કાર્ય ચોકસાઈપૂર્વકનું થાય. શિક્ષણ વ્યવસ્થામાં આ એક અત્યંત અગત્યનું સોપાન છે.

હેતુ

સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સની મૂલ્યાંકન પ્રક્રિયા અંગેની વિશેષ સમજ મેળવવી.

વ્યાપવિશ્વ

અમદાવાદ જિલ્લાના સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ છે.

નમૂનો

અમદાવાદ જિલ્લાના કુલ 107 સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સ પૈકી પ્રત્યેક તાલુકાના પાંચ પ્રમાણે આઠ તાલુકાના 40 સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સને નમૂનોમાં પસંદ કરવામાં આવ્યા હતા.

ઉપકરણ

શિક્ષકરચિત મૂલ્યાંકન પ્રક્રિયા માટેની મૂલ્યાંકન કસોટી

પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવેલ હતો.

માહિતી વિશ્લેષણ

ટકાવારી અને સંખ્યા પ્રમાણે સ્તંભ આલેખમાં નિરૂપણ કરવામાં આવ્યું. કુલ ગુણનું આવૃત્તિ વિતરણ તૈયાર કરી સંગ્રહિત આવૃત્તિને આધારે સંગ્રહિત શતમાન લેવામાં આવ્યા.

તારણો

1. શિક્ષક રચિત મૂલ્યાંકન પ્રક્રિયા કસોટીમાં સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સના પ્રાપ્તાંકો ઊંચા હતા.
2. પરિણામો દર્શાવે છે કે, ધોરણ 1 થી 7 ની મૂલ્યાંકન પ્રક્રિયા અંગેની ઊંડી સમજ તેઓ ધરાવે છે.

ફલિતાર્થ

સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સ મૂલ્યાંકન પ્રક્રિયાના જ્ઞાનનો લાભ જૂથની પ્રાથમિક શાળાના શિક્ષકોને આપે તથા શૈક્ષણિક કાર્ય વ્યવસ્થામાં મૂલ્યાંકન પ્રક્રિયા દરમ્યાન શિક્ષકને પડતી મુશ્કેલીઓ નિવારી શકે.

Understanding of the Evaluation System adopted for Classes 1 to 7 with Reference to CRC Co-ordinators of Ahmedabad District: A study

Guide

Dr. M. B. Prajapati
Principal
DIET
Ahmedabad (Rural)

Investigator

Kishor Parmar
Lecturer
DIET
Ahmedabad (Rural)

Introduction

Besides the primary school teachers, CRC co-ordinators are also expected to be fully aware of the evaluation system currently in effect for classes 1 to 7. Such understanding would help them to guide properly the primary school teachers under their purview. Hence, the study was undertaken.

Objective

To know how much the CRC co-ordinators understand the current evaluation system for classes 1 to 7.

Population

CRC co-ordinators of Ahmedabad district formed the population.

Sample

40 CRC co-ordinators out of 107, 5 each from 8 Talukas (Blocks) of Ahmedabad district were selected as sample.

Tool

A self-made evaluation test was prepared.

Method

A survey method was used.

Data analysis

Data were cast into percentage as well as cumulative percentage and presented as bar graph

Finding

In view of the high achievement scores of CRC co-ordinators in evaluation test, it is clear that they have good understanding about the existing evaluation system for classes 1 to 7.

Implication

CRC co-ordinators can be useful to a great deal with regard to the evaluation process for primary school teachers and can make the evaluation system more effective.

ઈ.ટી. શાખાના અધ્યાપકોની મુશ્કેલીઓનો અભ્યાસ

માર્ગદર્શક	અભ્યાસક
કે. કે. કરકર	એન. આર. ચાપાનેરી
વ્યાખ્યાતા	વ્યાખ્યાતા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન	જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમરેલી	અમરેલી

પ્રસ્તાવના

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના મોટાભાગના અધ્યાપકો દરેક શાખા સાથે જોડાયેલા હોય છે. તેમ છતાં ઈ.ટી. શાખાના અધ્યાપકોને ટેકનોલોજી બાબતની વધુ જવાબદારી આપવામાં આવેલી છે. અને પ્રતિદિન નવી ટેકનોલોજી આવતી જાય છે. તેથી તેઓની કામગીરીમાં કેટલીક મુશ્કેલીઓ વધુ જણાઈ છે. ખરેખર તેઓને તેમની કામગીરીમાં પડતી મુશ્કેલીઓ શી છે તે જાણવા માટે પ્રયોજકે પ્રસ્તુત સંશોધન હાથ ધર્યું.

હેતુ

ઈ. ટી. શાખાના અધ્યાપકોને પડતી મુશ્કેલીઓ જાણવી.

વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે ગુજરાત રાજ્યમાં ડાયેટમાં ઈ. ટી. શાખાના અધ્યાપકોને લીધા હતા.

નમૂનો

અહીં વ્યાપવિશ્વ એ જ નમૂનો છે.

ઉપકરણ

પ્રસ્તુત લઘુસંશોધનમાં ઉપકરણ તરીકે અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ અભિપ્રાયાવલિમાં કુલ 13 પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવેલ. આ વૈકલ્પિક પ્રશ્નોના જવાબ 'સહમત' કે 'અસહમત' માં ખરાની નિશાની કરી આપવાના હતા.

પદ્ધતિ

પ્રયોજકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

માહિતીનું પૃથક્કરણ

અભ્યાસ માટે પ્રશ્નાવલિના ઉત્તરો મેળવી જરૂરી આવૃત્તિ શોધ્યા બાદ સરાસરી અને ટકાવારી શોધી તેના આધારે તારણ ઉપર પહોચ્યા.

તારણો

1. કેટલાક અધ્યાપકો ટેકનોલોજીના સાધન - દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરતા નથી. જેથી સંપર્ણપણે તે સાધનોનો ઉપયોગ જાણી શકતા નથી.
2. ઈ. ટી. શાખાના અધ્યાપકો માત્ર કમ્પ્યુટર વર્ક કરવા માટે જ નથી.
3. કમ્પ્યુટરને અભ્યાસક્મ પૂરતું પ્રેક્ટીકલ વર્ક માંગી લે છે. જેથી તેને પૂરતો ન્યાય આપી શકાય તે માટે પ્રેક્ટીકલ વર્કનું યોગ્ય આયોજન કરવું જરૂરી છે. મોટેભાગે ઈ.ટી. શાખાના લેકચરર / ટેકનિશ્યન તાલીમાર્થીઓને કમ્પ્યૂટર વિષય શિક્ષણ આપે છે. આ કામગીરીની વહેંચણી અન્ય અધ્યાપકોને કરવી જરૂરી છે.

A Study of the Difficulties Experienced by Lecturers of Educational Technology (E.T.) Unit of DIET

Guide
K.K.Karkar
Lecturer
DIET – Amreli

Investigator
N.R.Chapaneri
Lecturer
DIET - Amreli

Introduction

As it is well known the most of the DIET lecturers are involved in the activities of the institute. Specific technological tasks are entrusted to the lecturers of ET unit. With the advent of new technology, the lecturers concerned with ET unit experienced some difficulties. The purpose of the present study is to know the nature of the difficulties faced by them and to suggest ways to overcome them.

Objective

To know the difficulties faced by lecturers of ET unit of DIET in the discharge of their duties.

Population and Sample

Population for the study included the lecturers belonging to ET unit of DIETs in Gujarat State. The population was taken as the sample for the study.

Tool

An opinionnaire consisting of 13 items was prepared and used. The opinion was to be marked as "agree or disagree" to each item.

Method

A survey method was used.

Data Analysis

The data obtained were analysed and presented in percentages.

Findings

1. A few lecturers were found to avoid the use of Audio-visual aids.
2. Lecturers of ET units were found to restrict their work mainly to computers.
3. Teaching of the Computer as a subject was found to be difficult.

પી.ટી.સી. પ્રથમ વર્ષના પ્રશિક્ષણાર્થીઓનાં સમાયોજનનો અભ્યાસ

માર્ગદર્શક	અભ્યાસક
કે. કે. કરકર	ડૉ. એમ. એન. ત્રિવેદી
વ્યાખ્યાતા	વ્યાખ્યાતા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન	જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમરેલી	અમરેલી

પ્રસ્તાવના

સમાયોજન એ સતત ચાલતી પ્રક્રિયા છે. સમાયોજન એ વ્યક્તિ અને વાતાવરણ વચ્ચેની ક્રિયા-પ્રતિક્રિયા છે. પ્રસ્તુત સંશોધનમાં પી.ટી.સી. પ્રથમ વર્ષના ડાયટના પ્રશિક્ષણાર્થીઓનું સમાયોજન જાણવા માટે એક નાનકડો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

હેતુ

પી.ટી.સી. પ્રથમ વર્ષના પ્રશિક્ષણાર્થીઓનાં કૌટુંબિક સમાયોજન, શારીરિક સમાયોજન, સામાજિક સમાયોજન, અને આવેગિક સમાયોજનનો અભ્યાસ કરવો.

વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે પી.ટી.સી. પ્રથમ વર્ષ ડાયટમાં અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓનો સમાવેશ કરેલો હતો.

નમૂનો

અહી વ્યાપવિશ્વ એ જ નમૂનો હતો.

ઉપકરણ

પ્રસ્તુત સંશોધન અભ્યાસ હાથ ધરવા માટે એમ. એમ. બેલ રચિત મૂળ સમાયોજન કસોટીને ડૉ. પ્રતીક્ષાબેન રાવલના માર્ગદર્શન હેઠળ પ્રયોજકે અગાઉ તૈયાર સુધારા વધારા સાથેની સમાયોજન કસોટીનો સંશોધન તરીકે પસંદગી કરવામાં આવી હતી.

પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી કરવામાં આવેલ હતો.

માહિતી વિશ્લેષણ

સમાયોજનના જુદા જુદા ક્ષેત્રો વચ્ચેનો તફાવત શોધી કાઢવા માટે પ્રયોજકે t વિશ્લેષણ કરવાનો પ્રયાસ કર્યો હતો.

તારણો

1. પી.ટી.સી. પ્રથમ વર્ષના પ્રશિક્ષણાર્થીઓનાં કૌટુંબિક સમાયોજન અને શારીરિક સમાયોજન વચ્ચે તથા સામાજિક સમાયોજન અને આવેગિક સાયોજન વચ્ચે નોંધપાત્ર તફાવત હતો.
2. પી.ટી.સી. પ્રથમ વર્ષના પ્રશિક્ષણાર્થીઓનાં કૌટુંબિક સમાયોજન અને સામાજિક સમાયોજન વચ્ચે, કૌટુંબિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચે, શારીરિક સમાયોજન અને સામાજિક સમાયોજન વચ્ચે, શારીરિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચે નોંધપાત્ર તફાવત હતો.

ફલિતાર્થ

સમાયોજનના વિવિધ પ્રકારમાં પ્રશિક્ષણાર્થીઓનું કૌટુંબિક સમાયોજન અને શારીરિક સમાયોજન સરેરાશ રીતે સારું છે. પરંતુ સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન પ્રમાણમાં ઘણું નબળું છે. આ માટે પ્રશિક્ષણાર્થીઓને વ્યક્તિગત રીતે સંપર્ક કરી તેની પાછળ વિવિધ કારણો જાણી તેનુ યોગ્ય ઉપચારાત્મક કાર્ય થઈ શકે.

A Study of Adjustment of First year Trainees of Primary Teachers' Training Institutes

Guide
K.K.Karkar
Lecturer
DIET - Amreli

Investigator
M.N.Trivedi
Lecturer
DIET - Amreli

Introduction

Adjustment is a continuous process. Adjustment is a process of action and reaction between a person and a situation or an event. This study aims at knowing the type and extent of adjustment of first year trainees of DIET.

Objective

To study degrees of adjustment in various situations mainly family adjustment, health adjustment, social adjustment and emotional adjustment of first year trainees.

Population and Sample

The first year trainees of DIET constituteû the population as well as the sample.

Tool

M.M.Bells' Adjustment Inventory adapted by Dr. Pratiksha Rawal was used as a research tool.

Method

A survey method was used.

Data Analysis

To find out the difference among the degrees of adjustment, t-test was applied.

Findings

1. No significant difference was found between family adjustment and health adjustments. The trainees were not found to differ significantly in respect of social and emotional adjustments.
2. Significant difference was noticed between
3. family and social adjustments
4. family and emotional adjustments
5. health and social adjustments
6. health and emotional adjustments.
7. The trainees were found better so far as family adjustment and health adjustment were concerned whereas they were found very weak in social and emotional adjustments.

Implication

Case studies of the trainees in this regard would go a long way in helping them secure better adjustments in the adjustments referred to.

વડોદરા જિલ્લાની પી.ટીસી. કોલેજના તાલીમાર્થીઓને પ્રાયોગિક પાઠ તૈયાર કરવામાં પડતી મુશ્કેલીનો અભ્યાસ

અભ્યાસક

પી. આર. પાટીલ

વ્યાખ્યાતા

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

વડોદરા

પ્રસ્તાવના

અધ્યાપન મંદિરમાં પી.ટી.સી.ના તાલીમાર્થીઓને અપાતા કાર્યક્રમોમાં તાલીમાર્થીઓ દ્વારા આપવાના થતા પ્રાયોગિક પાઠનું આગવું મહત્ત્વ છે. તાલીમાર્થીઓ પ્રાથમિક શાળાઓમાં ધોરણ 1 થી 7 માં વિવિધ વિષયોમાં પ્રાયોગિક પાઠ આપે છે ત્યારે તેમને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તાલીમાર્થીઓ દ્વારા અપાતા પ્રાયોગિક પાઠમાં તાલીમાર્થીઓને પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું.

હેતુઓ

1. પૂર્વ તૈયારી અને પાઠઆયોજન નોંધ અંગે તાલીમાર્થીઓની મુશ્કેલીઓ જાણવી.
2. પાઠ માર્ગદર્શન અને પ્રાયોગિક પાઠ વખતે તાલીમાર્થીઓને પડતી મુશ્કેલીઓ જાણવી.

વ્યાપવિશ્વ

વડોદરા જિલ્લાની પી.ટી.સી. કોલેજોના તમામ તાલીમાર્થીઓ.

નમૂનો

વડોદરા જિલ્લાની બે શહેર અને બે ગ્રામ્ય અધ્યાપન મંદિરોમાંથી કુલ 100 તાલીમાર્થીઓને નમૂનો તરીકે પસંદ કરેલ છે. અધ્યાપન મંદિરની પસંદગી યાદચ્છિક રીતે પસંદ કરેલ હતી. નમૂનો યાદચ્છ અને ઝૂમખા પ્રકારનો હતો.

ઉપકરણ

પ્રાયોગિક પાઠ સંબંધી વિધાનોની અભિપ્રાયાવલિ

પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પ્રકારનો અભ્યાસ હતો.

માહિતીનું પૃથક્કરણ

પ્રાયોગિક પાઠ સંબંધી 30 વિધાનોમાંથી જુદા જુદા પ્રકારના વિભાગો પાડેલ છે. જેમાં (1) પૂર્વ તૈયારી (2) પાઠ આયોજન (3) પાઠ માર્ગદર્શન (4) પાઠ નોંધ. આ ચાર વિભાગો પ્રમાણે વિધાનોનું આંકડાકીય પદ્ધતિમાં ટકાવારી કાઢી માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું.

તારણો

1. તાલીમાર્થીઓ પાઠ આયોજનમાં જે તે વિષય ક્ષમતા આધારિત વિષય વસ્તુ શોધવામાં મુશ્કેલી અનુભવતા હતા.
2. પાઠ માર્ગદર્શન જે તે વિષયના વિષય નિષ્ણાત પાસેથી મળી રહે તે જરૂરી છે.
3. બાળકો પાસે હકારાત્મક પ્રત્યુત્તર મળતા ન હતા.

ફલિતાર્થ

પાઠ-આયોજનના માર્ગદર્શન માટે પૂરતો સમય ફાળવવો જોઇએ. તાલીમાર્થીઓએ ક્ષમતા આધારિત વિષયવસ્તુને પૂરક શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરીને પાઠની ગુણવત્તા વધારવી જોઇએ.

A Study of the Difficulties Experienced by the PTTI Trainees of Vadodara District in Preparing Practical Lesson notes

Investigator
P. R. Vakil
Lecturer
DIET - Vadodara

Introduction

The trainees are required to prepare lesson notes to enable them to conduct classroom teaching and transaction in a planned manner. This is one of the most important aspects of teachers' preparation; it is felt that they face some difficulties while practice-teaching in classes 5 to 7. The investigator has therefore undertaken this study to know their difficulties in lesson planning and classroom transaction accordingly.

Objectives

1. To know the trainees' difficulties in preparation of planning lesson notes.
2. To know the trainees' difficulties in availing lesson-guidance and while giving practice lessons.

Population

All trainees of PTTIs of Vadodara district comprised the population.

Sample

100 trainees selected from two each PTTIs from urban and rural areas of the district formed the sample. Random and cluster sampling technique was used.

Tool

A three point opinionnaire consisting Of 30 statements relating to the practice lessons was prepared and used as a tool.

Method

The present study was a survey type study.

Data analysis

Data obtained on core-aspects viz lesson preparation (2) lesson planning (3) lesson guidance and (4) lesson notes were analysed on the basis of responses in three points agree, disagree and undecided in percentage.

Findings

1. The trainees experienced difficulties in identifying competency based content for a particular subject while preparing lesson plans.
2. It was felt that the guidance for a particular subject should necessarily be made available from the subject teacher.
3. Sometimes children were found unwilling to give positive responses.

Implication

Adequate time slot should be assigned for lesson guidance. The trainees should be encouraged to either prepare or use relevant TLM for the competence based content of the lesson plan. So as to enhance the quality of practice teaching.

ધોરણ ૫ માં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોની હિન્દી વિષયવસ્તુ સજ્જતાનો અભ્યાસ

અભ્યાસક
નીલમ આર. પાંડે
વ્યાખ્યાતા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
વડોદરા

પ્રસ્તાવના

શિક્ષણના સંદર્ભમાં શિક્ષકે પણ સજ્જ થવાની જરૂર છે. હિન્દી વિષયમાં ગુજરાતમાં દ્વિતીય ભાષાના રૂપમાં હોવાથી હિન્દી વિષયવસ્તુ સજ્જતાનો અભ્યાસ ઉપયોગી બની શકે. પ્રસ્તુત અભ્યાસ હિન્દી વિષયના અધ્યાપન સાથે સંકળાયેલ છે. પ્રસ્તુત અભ્યાસ વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકા પૂરતો મર્યાદિત છે.

હેતુઓ

1. વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકામાં ધોરણ 5 ના હિન્દી વિષયમાં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોનો વિષયવસ્તુ સજ્જતાનો અભ્યાસ કરવો.
2. વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકામાં ધોરણ 5 ના હિન્દી વિષયમાં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોની હિન્દી વિષયવસ્તુ સજ્જતા પર જાતિ અને શિક્ષકોના અનુભવની અસર તપાસવી.

વ્યાપવિશ્વ

વડોદરા જિલ્લામાં આવેલ ડભોઇ તાલુકાની પ્રાથમિક શાળાઓના તમામ શિક્ષકોને વ્યાપવિશ્વ તરીકે લેવામાં આવ્યા હતા.

નમૂનો

ડભોઇ તાલુકાના ધોરણ 5 માં હિન્દી વિષય અધ્યાપન કાર્ય કરાવતા કુલ 100 શિક્ષકોને યાદચ્છિક નમૂનો તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

ઉપકરણ

ધોરણ 5 માં ભણાવવામાં આવતા વિષયો પૈકી એક વિષય હિન્દી પર આધારિત વિષયવસ્તુ સજ્જતા કસોટીનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો. જે 50 ગુણનો હતો. આ કસોટી તજ્જ્ઞમિત્રો સાથે ચર્ચા કરીને તૈયાર કરવામાં આવી હતી.

પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનો હતો.

માહિતી વિશ્લેષણ

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્તાંકોનો મધ્યક અને પ્રમાણિત વિચલન શોધી 't' કસોટી દ્વારા વિવિધ ચલોની અસર તપાસવામાં આવી હતી.

તારણો

1. પ્રસ્તુત સંશોધનમાં સામેલ તમામ શિક્ષકોની હિન્દી વિષયમાં સરેરાશ સજ્જતા 52.6 ટકા જોવા મળી જે મધ્યમ કરતા થોડી ચઢિયાતી ગણાય.
2. વિષયવસ્તુ સજ્જતા અંગે સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ હતી. જેથી કહી શકાય કે વિષયવસ્તુ સજ્જતા ઉપર જાતીયતાની કોઇ અસર જોવા ન મળી.
3. વિષયવસ્તુ સજ્જતા અંગે 10 વર્ષથી ઓછા અનુભવી શિક્ષકો અને 10 વર્ષથી વધુ અનુભવી શિક્ષકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.વિષયવસ્તુ સજ્જતા પર અનુભવની અસર ન હતી.

4. વ્યાકરણના પ્રશ્નો શિક્ષકોને કઠિન જણાયા.

ફલિતાર્થ

હિન્દી વિષયના શિક્ષકોને તેમની વિષયવસ્તુ સજ્જતા વધારવા માટે હિન્દી એક ભાષા માટેના તાલીમ કાર્યક્રમો યોજવા જોઈએ.

A Study of Hindi Subject matter Competence of Class - 5 Teachers

Investigator
Nilam R. Pandey
Lecturer
DIET - Vadodara

Introduction

A teacher is expected to be well equipped and competent in the subject to teach. Hindi is taught as a second language in class - 5. The present study deals with the teaching of Hindi subject. The study is restricted to the teachers from Dabhoi taluks in Vadodara district.

Objectives

In case of class 5 Hindi teachers -

1. To study their subject matter competence
2. To assess the effect of
3. Gender and
4. Teaching experience
5. On subject matter competence.

Population

All teachers from primary school of Dabhoi taluka in Vadodara district constituted the population.

Sample

100 primary school teachers teaching Hindi in class - 5 of schools in Dabhoi taluka were randomly selected as the sample for the study.

Tool

Hindi subject matter competence test carrying 50 marked for class - 5 was prepared as the tool for collecting data.

Method

The study was carried out using survey method.

Data analysis

Statistical mean (M) and standard deviation (SD) were calculated and 't" test was used to examine the effect of the variables mentioned under the objectives.

Findings

1. Hindi subject teachers under study were found to have almost 53% subject matter competence.
2. Gender did not show any significant effect on subject matter competence of the Hindi teachers. Similarly years of teaching experience did not have any significant effect on subject matter competence.
3. Items on grammar were found difficult by the teachers.

Implication

Organising of refresher training course for Hindi as a language would go a long way in enhancing subject matter competence of Hindi teachers.

આણંદ જિલ્લાના પી.ટી.સી. અધ્યાપકોને અંગ્રેજી વિષયમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ

માર્ગદર્શક
શ્રી એમ. વી. પટેલ
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
આણંદ

અભ્યાસક
આઇ. વી. પટેલ
વ્યાખ્યાતા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
આણંદ

પ્રસ્તાવના

પ્રાથમિક શાળામાં ધોરણ 5 થી 7 માં હિન્દી, સમાજવિદ્યા, અંગ્રેજી, સંસ્કૃત, વિજ્ઞાન, ગણિત જેવા વિષયો છે. માધ્યમિક બોર્ડની પરીક્ષામાં અંગ્રેજી વિષય મરજિયાત છે. આથી પી.ટી.સી.ના પ્રશિક્ષણાર્થીઓ જ્યારે પી.ટી.સી.ના અભ્યાસક્રમમાં આવે છે ત્યારે તેમને અંગ્રેજી શીખવવા માટે પી.ટી.સી.ના અધ્યાપકો શી મુશ્કેલી અનુભવે છે તે જાણવાનો પ્રસ્તુત સંશોધન દ્વારા કરવામાં આવ્યો છે.

હેતુઓ

1. પુરુષ અને સ્ત્રી અધ્યાપકોને અંગ્રેજી વિષયમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.
2. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના અધ્યાપકોને પડતી મુશ્કેલીનો અભ્યાસ કરવો.

વ્યાપવિશ્વ

આણંદ જિલ્લાના 8 તાલુકાઓના પી.ટી.સી. કોલાજેના અધ્યાપકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

નમૂનો

નમૂનો તરીકે 10 અધ્યાપકો પસંદ કરવામાં આવેલ હતા.

ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકત્રીકરણ માટે અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પ્રકારનો હતો.

માહિતી વિશ્લેષણ

મળેલ માહિતીનું અલગ અલગ વિભાગોમાં સંમત, અસંમત એમ પંચ બિન્દુમાં ગુણાંકન કરી કાય વર્ગ દ્વારા પરિણામ પ્રાપ્ત કર્યું.

તારણો

1. પ્રશિક્ષણાર્થીઓ અંગ્રેજી વિષયમાં નબળા હોવાથી શિક્ષકોને મુશ્કેલી પડે છે તેવી માન્યતા ધરાવનાર 30 ટકા શિક્ષકો હતા. જ્યારે 70 ટકા અધ્યાપકો આ મંતવ્ય સાથે સંમત ન હતા.
2. પ્રશિક્ષણાર્થીઓને પ્રેરણા અને માર્ગદર્શન મળતુ નથી તેવા 80 ટકા શિક્ષકો માનતા હતા. જ્યારે 20 ટકા શિક્ષકો આ બાબતે અસંમત છે.
3. ઘરનું વાતાવરણ સારું હોય તો તે જલ્દી અંગ્રેજી શીખી શકે તેવુ માનનારા 60 ટકા અધ્યાપકો હતા.
4. ગ્રામ્ય વિસ્તારના અધ્યાપન મંદિરોમાં પૂરતી વાચન સામગ્રી નથી જેના કારણે અધ્યાપકો મુશ્કેલી અનુભવતા હતા.
5. પાઠ્યપુસ્તક સિવાય સ્વાધ્યાય પુસ્તિકા, દૃશ્ય-શ્રાવ્ય સાધનો, ચિત્રપોથી, અંગ્રેજી શબ્દકોશ અંગે મુશ્કેલી અનુભવતા હતા.

ફલિતાર્થ

1. અંગ્રેજી વિષયને લગતાં ધોરણ 5 થી 7 ના ટી.એલ.એમ. નું નિર્માણ કરી પાઠ આપવાનો આગ્રહ રાખવો.
2. સંસ્થામાં ટી.વી., વી.સી.આર. દ્વારા અંગ્રેજી વિષયવસ્તુના શ્રવણનો મહાવરો આપવો જોઈએ.

A Study of the Difficulties Experienced by the Teachers of PTTIs (Anand district) in Teaching English

Guide
M. V. Patel
Principal
DIET - Anand

Investigator
I. V. Patel
Lecturer
DIET - Anand

Introduction

Since English language as a subject of learning has been recently introduced in upper primary classes in Gujarat, the teachers are required to teach the same to the PTTI trainees (of course, after having undergone training) It is learnt that they experience difficulties in teaching English. The investigator undertook this study to know the nature and area of difficulties faced by the teachers in teaching English.

Objectives

1. To find out gender difference of the teachers in the nature of difficulties in teaching English.
2. To know if the teachers' difficulties differ with the areas - rural and urban.

Population

PTTIs lecturers of 8 talukas formed the population for the study.

Sample

Only 10 teachers from the 10 PTTIs of Anand district were selected as a sample for study.

Tool

A five-point opinionnaire with 40 statements prepared by the investigator was used for the purpose.

Method

Survey method was used.

Data analysis

Through chi-square, differences of opinions were analysed.

Findings

1. 30% teachers attributed the difficulties to the weakness of the trainees in English language.
2. 60% teachers believed that better home environment was conducive to learning English better.
3. 80% teachers were of the opinion that the trainees did not get inspiration and guidance in learning English.
4. Because of inadequate reading material in English in rural areas, the teachers experienced difficulties.
5. Lack of supplementary reading material AV aids and English Dictionary was also a factor adding to the teachers' difficulties.

Implication

1. Necessary TLM for teaching English in classes 5, 6 and 7 should be prepared and used properly during teaching English.
2. Practice should be given in speaking and listening English preferably using AV cassettes.

GUJARAT COUNCIL OF EDUCATIONAL
RESEARCH & TRAINING
(GCERT)
VIDYABHAVAN, SECTOR 12
GANDHINAGAR, (GUJARAT STATE)
PHONE: (079) 23256808-37
FAX: (079) 23256812
WEBSITE: www.gcert.org
E-MAIL: gcert_21@yahoo.com

મુદ્રક : ડિજિટલ ઓફસેટ, સેક્ટર-28, ગાંધીનગર. ફોન : 23211456